સુવિચાર : કોશિશ કરને સે પહેલે ઉમ્મીદ છોડના, જીતને સે પહેલે હાર માનને કે બરાબર હોતા હૈ... - એસ.એમ.એસ.




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૩૭ | ૬ નવેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; આસો વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

### ફટાફટ ન્યુઝ

- આગામી બજેટથી કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો શરૂ કરાશે
- આગામી બજેટમાં પણ નવી ટ્રેનની જાહેરાત નહી જ કરાય
- પ્રણવ મુખર્જી પોતે પણ એક યુનિવર્સિટી સમાન છે : મોદી
- ભારે હિમવર્ષા : લેહ-શ્રીનગર હાઇવે બંધ કરવા માટેની ફરજ
- કુલ ૫ તબક્કામાં યોજાયેલી ચુંટણીનો આખરે અંત થયો
- વિરોધ વંટોળ વધ્યો : કુંદન શાહ સહિતના ૨૪ દ્વારા એવોર્ડ પરત
- વિખવાદ વચ્ચે એક વર્ગ હવે કેન્દ્ર સરકારની સાથે
- શેરબજારમાં મંદી : ૨૪૯ પોઇન્ટનો ઘટાડો નોંધાયો
- શારદા કાંડ : પ્રધાન મદન મિત્રા નજરકેદમાં જ રહેશે
- કોલેજિયમ સિસ્ટમ મુદ્દે હવે સુપ્રીમે લોકોના મત માંગ્યા
- મોહાલી ટેસ્ટ : ભારતીય ટીમ માત્ર ૨૦૧માં જ ખખડી ગઈ

# એનડીએ-મહાગઠબંધન વચ્ચે તીવ્ર સ્પર્ધા : એક્ઝિટ પોલ

**કેટલાક એક્ઝિટ પોલમાં એનડીએને પ્રચંડ બહુમતિ મળી : મોટાભાગના એક્ઝિટ પોલમાં નિતિશકુમારની સરકાર ફરી બનવાના સંકેત દર્શાવાયા : હવે આઠમી નવેમ્બરના દિવસે સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ કરવામાં આવશે**

## અંતિમ તબક્કામાં ૫૯ ટકાથી વધુ મતદાન

બિહારમાં વિધાનસભાની ચૂંટણીના પાંચમા અને અંતિમ તબક્કામાં આજે શાંતિપૂર્ણ માહોલમાં ૫૯ ટકાથી મતદાન નોંધાયું હતું. આની સાથે જ બિહારમાં પાંચ તબક્કામાં યોજાયેલી ચુંટણી પ્રક્રિયા પુરી થઈ હતી. હવે ૮મી નવેમ્બરના દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. આજે કેટલીક જગ્યાઓએ હિંસાની છુટીછવાઈ ઘટનાઓ બની હતી. અલીનગરમાં એનડીએના કાર્યકરો અને મહાગઠબંધનના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી. તમામ જગ્યાએ પાંચમા તબક્કાના ઊંચા મતદાનના પરિણામ સ્વરૂપે રાજકીય પક્ષોમાં ઉત્તેજના ફેલાઈ ગઈ છે. આજના મતદાનની સાથે જ તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.

૯ જિલ્લાની ૫૭ બેઠકો માટે જે મતદાન યોજાયું હતું. સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થયા બાદ સાંજે ૫ વાગ્યા સુધી મતદાનની પ્રક્રિયા ચાલી હતી. ૧૫૫૪૩૫૯૪ મતદારો પૈકીના ૫૯ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

પટણા,તા.૫ બિહારમાં વિધાનસભાની ચુંટણીના તમામ તબક્કા પુર્ણ થઈ





ગયા બાદ એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા હતા. મોટાભાગના એક્ઝિટ પોલમાં મુખ્યમંત્રી નિતિશકુમારના નેતૃત્વમાં મહાગઠબંધનને જીત આપવામાં આવી છે. બીજીબાજુ કેટલાક એક્ઝિટ પોલમાં એનડીએને પણ બહુમતિ આપવામાં આવી છે. આ વખતે સ્થિતિ ખૂબ જ નજીકની રહે તેમ માનવામાં આવે છે. જુદા જુદા એક્ઝિટ પોલમાં તારણો જારી કરવામાં આવ્યા છે. ટાઈમ્સ નાઉ-ઈન્ડિયા ટીવી સીવોટરના સંયુક્ત એક્ઝિટ પોલમાં ભાજપ ગઠબંધન પાછળ દેખાઈ રહ્યું છે. આ મુજબ ભાજપ ગઠબંધનમાં ૧૧૧ અને મહાગઠબંધનને ૧૨૨ બેઠકો મળી રહી છે. અન્યોના ખાતામાં ૧૦ બેઠકો જઈ રહી છે. એક્ઝિટ પોલ મુજબ મત હિસ્સેદારીના મામલામાં એનડીએ અને મહાગઠબંધનમાં વધારે અંતર દેખાઈ રહ્યું નથી. એનડીએના ખાતામાં ૪૧ ટકા મત

● અનુસંધાન પાન-૭ પર

### એક્ઝિટ પોલ પ્રથમ નજરે....

**ન્યુઝ નેશન એક્ઝિટ પોલ**
- એનડીએને ૧૧૫-૧૧૯ બેઠકો મળી શકે છે
- જેડીયુને ૧૨૦-૧૨૪ બેઠકો મળી શકે છે
- અન્યોને ૩-૫ બેઠકો મળી શકે છે

**સીએનએક્સ-ન્યુઝ એક્સ એક્ઝિટ પોલ**
- એનડીએને ૯૦-૧૦૦ બેઠક મળી શકે છે
- જેડીયુને ૧૩૦-૧૪૦ બેઠક મળી શકે છે
- અન્યોને ૧૩-૨૩ બેઠક મળી શકે છે

**એબીપી-નેલ્સન એક્ઝિટ પોલ**
- એનડીએને ૧૦૮ બેઠક મળી શકે છે
- નિતિશકુમાર જેડીયુ ગઠબંધનને ૧૩૦ બેઠક મળી શકે છે
- અન્યોને ૫ બેઠકોથી સંતોષ માનવાની ફરજ પડી શકે છે

**ટુડે ચાણક્ય એક્ઝિટ પોલ**
- એનડીએને ૧૫૫થી વધુ બેઠકો મળી શકે છે
- જેડીયુને ૮૩થી વધુ બેઠકો મળી શકે છે
- અન્યોને ૫થી વધુ બેઠકો મળી શકે છે

**ટાઈમ્સ નાઉ-સીવોટર એક્ઝિટ પોલ**
- જેડીયુને ૧૨૨ બેઠક મળી શકે છે
- ભાજપ ગઠબંધનને ૧૧૧ બેઠક મળી શકે છે
- અન્યોને ૧૦ બેઠક મળી શકે છે

# ગોલ્ડ બોન્ડ સહિત ત્રણ યોજના લોન્ચ




**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહત્વકાંક્ષી સ્કિમ લોન્ચ કરી : સોનાની વધતી જતી આયાત ઉપર અંકુશ મુકવા તથા ઘર અને અન્ય જગ્યા ઉપર પડેલા સોનાના યોગ્ય ઉપયોગ કરવાના હેતુસર યોજનાઓ જાહેર કરાઈ**

નવી દિલ્હી,તા. ૫ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લોકોને દશેરાની ભેંટ આપી હતી. દેશમાં સોનાની વધતી જતી આયાત ઉપર અંકુશ મુકવા અને ઘર અને અન્ય જગ્યા ઉપર પડેલા આશરે ૮૦૦ અબજ ડોલરની કિંમતના ૨૦,૦૦૦ ટન સોનાનો ઉપયોગ કરવા માટે ખાસ યોજના મોદીએ આજે જાહેર કરી હતી. વડાપ્રધાને નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં ગોલ્ડ બોન્ડ સહિત ત્રણ યોજના લોન્ચ કરી દીધી હતી. હજુ સુધીની પ્રથમ ભારતીય સોનાના સિક્કા સાથેની યોજના શરૂ કરી હતી. દિવાળી અને ધનતેરસની આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે અશોક ચક્ર સાથેના ભારતીય સોનાના સિક્કાની શરૂઆત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના ઉમેદવારોમાં જુના-નવા ચહેરાઓનું મિશ્રણ

**કોંગ્રેસમાં નવા ચહેરાઓને વધુ તક તેમજ કેટલાક મોટા માથા પડતા મુકાયાની જોરદાર અફવાઓથી રાજકીય ગરમાવો**

ગાંધીનગર, તા. ૫ ગાંધીનગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં બન્ને મુખ્ય રાજકીય પક્ષો નવા ચહેરાઓની પસંદગી કરી અને મતદારોને આકર્ષવા માટેના પ્રયાસ કરશે.

જિલ્લાના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા મોવડીમંડળ કક્ષાએ પૂર્ણ થઈ જતાં જ જિલ્લા એકમો હજુ ગુપ્તતા સાથે મેન્ડેટ તૈયાર કરવામાં વ્યસ્ત બન્યા છે.

રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ કોંગ્રેસ પક્ષમાં પણ આ વખતે મોટા માથાઓની બાદબાકી કરાઈ હોવાના સંકેતો મળી રહ્યા છે તો ભાજપે પણ કેટલાક જુના ચહેરાઓને યાદ કરી અને નવા-જુનાનું મિશ્રણ ઉમેદવારોની પસંદગીમાં બનાવ્યું છે.

બન્ને પક્ષો માટે બદલાયેલું સીમાંકન ઉમેદવારોની પસંદગી માટે આમ તો શિરદર્દ બની રહ્યું છે. જિલ્લામાં છેલ્લી ઘડી સુધી ૪ જેટલી બેઠકો પર ફેરફારો થાય તેવી શક્યતાના નિર્દેશો પણ રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

જો અને તો ના ગણિત પર આધારિત આ બેઠકો દરેક તાલુકામાં એક એક હોવાનું રાજકીય વર્તુળો કહી રહ્યા છે.

બન્ને પક્ષો ચૂંટણીના મોડમાં આવી ચુક્યા છે. બન્ને પક્ષના નેતાઓને અઅંદરખાને બળવાનો ભય સતાવી રહ્યો હોવાથી હજુ એકાદ બે દિવસ યાદી જાહેર કરવામાં થશે તેવા કારણો રજુ કરી રહ્યા છે.

જો કે નગરપાલિકાની ચૂંટણીમાં પણ આંતરિક ખેંચતાણ વધુ જોવા મળી રહી છે.

બન્ને પક્ષો આમ તો તેમના વિજયનો વિશ્વાસ ધરાવે છે. આમ છતાં તેલ જુઓ તેલની ધાર જુઓ તેમ કહી અને મૌન રહેવાનું વધુ પસંદ કરે છે. જ્ઞાતિ આધારિત સમીકરણોને ધ્યાને રાખી ઉમેદવારના વિજયની શક્યતાને બન્ને પક્ષોએ અગ્રતા આપી છે. બન્ને પક્ષો માટે દિપાવલી પર્વ રાજકીય પર્વમાં પરિવર્તિત થયુ હોવાથી નેતાઓની વ્યસ્તતા પણ વધી ગઈ છે.

જિલ્લામાં આ વખતે ત્રણ બેઠકોનો વધારો થયો છે અને ૮ બેઠકોમાં જે ફેરફાર થયો છે તેને લઈ વોટર ટ્રેન્ડ કેવો રહેશે તેની ચિંતા આગેવાનોને સતાવી રહી છે.

## પ્રથમ દિવસે જ ૧૦૦ જેટલા સંભવિતો ઉમેદવારી પત્ર લઈ ગયા

ગાંધીનગર, તા. ૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગેનું આજે વિધિવત્ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ જિલ્લાના રાજકીય વાતાવરણમાં બદલાવનો માહોલ જોવા મળી રહ્યો છે.

આજે પ્રથમ જ દિવસે ૧૦૦થી પણ વધુ ઉમેદવારો દ્વારા જિલ્લા-તાલુકા અને નગરપાલિકા માટેના ઉમેદવારી પત્રો લઈ જવામાં આવ્યા છે. જે રીતે રાજકીય જવરમાં જિલ્લો જોવા મળી રહ્યો છે તેને લઈ બે બેલેટથી ચૂંટણી યોજવાની થાય તેવી નોબત નગરપાલિકામાં આવે તો નવાઈ નહિ. આ ઉપરાંત પંચાયતમાં પણ આવી નોબત આવી શકે છે.

બન્ને પક્ષો બળવો નહિ થાય તેવો વિશ્વાસ ધરાવે છે પરંતુ અપક્ષ ઉમેદવારો આ ચૂંટણીમાં ચૂંટણીનું પરિણામ બદલવામાં સફળ રહેશે તેવી વાતો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

## અંતરનો ઉમળકો...



શહેરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સાતત્યપૂર્ણ સક્રિય પનઘટ કલાકેન્દ્ર પંદર વર્ષની કલાયાત્રા સફળતાપૂર્વક સંપન્ન કરી રહી છે. એનો ઉમળકો છે, ગૌરવ છે. ભાવિન પટેલના નેતૃત્વમાં ગુજરાતની ઓળખ સમો ગરબો રજૂ કરી પનઘટ કલા કેન્દ્રએ શહેરનું અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે - સાથોસાથ રાજ્યકક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં અર્વાચીન ગરબામાં પ્રથમ સ્થાન મેળવી ગાંધીનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિને ઉંચાઈ અપાવવા બદલ ભાવિન પટેલ અને સાથી કલાકારોને અંતરથી અભિનંદન પાઠવીએ છીએ....

લિ.
દિપક ભટ્ટ | શાંતિલાલ ઘોઘારી
કિન્નર ઝવેરી | રાજન શાહ







